## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડમાં WREU દ્વારા અખિલ ભારતીય માંગ દિવસ ઉજવાયો



વલસાડ : ઓલ ઈન્ડિયા રેલવે મેન્સ ફેડરેશનના આહ્વાન પર વેસ્ટર્ન રેલવે એમ્પ્લોઇઝ યુનિયન (WREU), વલસાડ બ્રાન્ચ દ્વારા વલસાડ રેલવે સ્ટેશન પર અખિલ ભારતીય માંગ દિવસ ઉજવાયો હતો. મુંબઈ ડિવિઝનના ડિવિઝનલ સેક્રેટરી કોમ્રેડ પ્રશાંત કાનડેના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં રેલવે કર્મચારીઓની ન્યાયસંગત માંગો સરકાર અને રેલવે પ્રશાસન સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ગેટ મિટિંગમાં ડિવિઝન ઓફિસ બેરર સ્મિતા પટેલ, વલસાડ બ્રાન્ચ સેક્રેટરી હુસેન બેલીમ, ચેરમેન રોબિનસન જેમ્સ, શિવન કોનાર સહિત યુનિયનના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કર્મચારીઓ હાજર રહ્યા હતાં. માંગો વહેલી તકે સ્વીકારવામાં નહીં આવે તો આંદોલન તીવ્ર બનાવવાની ચેતવણી યુનિયન દ્વારા આપવામાં આવી હતી. ખાલી પડેલા પદોમાં ભરતી, બોનસની મર્યાદા દૂર કરવી, DA બાકી ચૂકવણી, રનિંગ સ્ટાફના ભથ્થામાં વધારો, મહિલા કર્મચારીઓ માટે વિશેષ રજાઓ, સુરક્ષા ઉપકરણોની ઉપલબ્ધતા, OPS સમકક્ષ સુવિધાઓ અને આઠમા પગાર પંચના અમલ સહિતની મુખ્ય માંગો રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન WREU ઝિંદાબાદ અને જો નહીં મળી મજૂરની માંગ, રેલનો ચક્કો જામ થશે જેવા નારા સાથે કર્મચારીઓએ એકજૂટતા વ્યક્ત કરી હતી.

### સાયબર ફ્રોડના નાણાં બેંકમાં જમા કરાવનાર બે સામે ગુનો દાખલ



વલસાડ : ગુજરાત પોલીસે મ્યુલ એકાઉન્ટ અભિયાન શરૂ કર્યા બાદ ગુજરાતના સાઇબર ઠગોને શોધી તેમની સામે ગુના દાખલ થઇ રહ્યા છે. આવા જ મ્યુલ એકાઉન્ટ ધારક સામે વધુ એક ગુનો સિટી પોલીસે નોંધ્યો છે. જેમાં ઠગોએ ઠગાઇના રૂપિયા 7.9 લાખ જમા કરાવ્યા હતા. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડ સાઇબર ક્રાઇમ પોલીસે મ્યુલ એકાઉન્ટ શોધવાની હાથ ધરેલી કવાયત દરમિયાન તેમને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના એકાઉન્ટ મળી આવ્યા હતા. આ એકાઉન્ટ ધારક સાહિદ સમસાદ ખાન (રહે. મોગરાવાડી, સલાબત મંઝિલ, વલસાડ) હોવાનું બહાર આવ્યું હતુ. તેણે આ એકાઉન્ટમાં અબ્દુલ્લા આરીફ અન્સારી (રહે. સુધાનગર, વલસાડ )ના કહેવાથી સાઇબર ઠગાઇના પૈસા જમા કરાવ્યા હતા. આ સાઇબર ઠગાઇ ઓરિસ્સા, પુડુચેરી, એમપી, તમિલનાડુ અને અમદાવાદમાં થઇ હતી. જેના પૈસા વલસાડના બેંક એકાઉન્ટમાં જમા થતા હતા. જે પકડાતા પોલીસે તેની સામે ગુનો દાખલ કરી આરોપીઓની ધરપકડ કરી છે.

### કોંગ્રેસની જન આક્રોશ યાત્રાનું ભીલાડમાં સ્વાગત કરાયું




ઉમરગામ : પરિવર્તનનો શંખનાદના સૂત્ર સાથે નીકળેલી કોંગ્રેસની જન આક્રોશ યાત્રાનો ઉમરગામના ભીલાડમાં સ્વાગત કરાયું હતુ. કોંગ્રેસ આગેવાનોએ ભ્રષ્ટાચાર મોંઘવારી કામદારો સાથે અન્યાયના મુદ્દે ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો હતા. ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડોક્ટર તુષારભાઈ ચૌધરી સહિત પ્રદેશ અને જિલ્લાના આગેવાનોની ઉપસ્થિતમા વલસાડથી શરૂ થયેલી કોંગ્રેસની જન આક્રોશ યાત્રા ઉમરગામ તાલુકાના ભીલાડમા પહોંચતા અહીંના કોંગ્રેસના આગેવાનોએ સ્વાગત કર્યું હતું. કોંગ્રેસ આગેવાનોએ ભાજપ સરકાર ઉપર મોંઘવારી બેકારી ભ્રષ્ટાચાર કામદારો સાથે અન્યાયના વિવિધ મુદ્દે આક્ષેપો કર્યા હતા અને આવનારી જિલ્લા તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ મજબૂત રીતે લડશે. અને યુવાનોને તક આપશે એમ જણાવ્યું હતું.

### વલસાડ કોલેજમાં વ્યાખ્યાનમાળા યોજાઈ



સુરતઃ શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડના ગુજરાતી વિભાગ અને ગુજરાતીનો અધ્યાપકસંઘના સંયુક્ત ઉપક્રમે "વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા"નું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓનું અધીત વધે એ હિતાર્થે કોલેજના આચાર્ય ડો. જી.એમ.બુટાણી, અધ્યાપક સંઘના મંત્રી ડો.આશા ગોહિલ, વિભાગના અધ્યક્ષ ડો. ભરતસિંહ ઠાકોર સતત પ્રયત્નશીલ રહ્યાં છે. આ પ્રયત્નના ફળ રૂપે ડો. ચિમનલાલ પટેલે (ગુજરાતી વિભાગ અધ્યક્ષ, ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) "અનુઆધુનિક ટૂંકીવાર્તાઓ (નારીકેન્દ્રી)" વિષય પર વક્તવ્ય આપ્યું હતું. જ્યારે ડો. મનોજભાઈ માહ્યાવંશીએ "આત્મકથા : વિભાવના અને વિશેષતા" (ગુજરાતી વિભાગ, એ.પી.જે.અબ્દુલ કલામ કોલેજ)વિષય પર વક્તવ્ય આપ્યું હતું. ગુજરાતીનો અધ્યાપકસંઘના મંત્રી ડો. આશા ગોહિલે વર્ષ દરમિયાન અધ્યાપક સંઘ દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. કાર્યક્રમનું સુચારુ સંચાલન ડો. દક્ષાબેન ચૌહાણે, મહેમાનોનો પરિચય ડો. મુકેશ ચૌહાણે, આભારવિધિ ડો. હિમરશ્મિ માળીએ અને સમગ્ર કાર્યક્રમને કેમેરાની આંખે ક્લિક કરવાની જવાબદારી ડો. સંદિપ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક માણ્યો હતો.

### ભીલાડમાં વાહનની ટક્કરે યુવાનનું કરૂણ મોત

ઉમરગામ : ભીલાડ ફાટક પાસે આવેલા બિનાલી એપાર્ટમેન્ટની સામે મુંબઈથી વાપી તરફ જતા હા.નં. પર માર્ગ અકસ્માતમાં એક યુવાનનુ કરૂણ મોત નિપજ્યું છે. સરીગામ રહેતા મૂળ ઉત્તર પ્રદેશના અભીષેકસિંહ મદનસીહ (ઉ.વ 33) છેલ્લા એક માસથી સરીગામ ખાતે મજૂરી કામ માટે આવ્યા હતા. અને અલગ અલગ જગ્યાએ છુટક કામ કરતા હતા. રવિવારે રાત્રિના 9.30 વાગ્યાના અરસામાં અભિષેકસિંહ ભીલાડ ફાટક પાસે બિનાલી એપાર્ટમેન્ટની સામે રોડ ક્રોસ કરી રહ્યા હતા, તે સમયે કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનુ વાહન પુરઝડપે અને ગલફત ભરી રીતે હંકારી લાવી ટક્કર મારી ઈજા પહોંચાડી નાસી ગયો હતો. ઈજાગ્રસ્ત અભિષેકસિંહને તાત્કાલિક ભીલાડ સરકારી હોસ્પિટલ લઈ જવાયો હતો, જ્યાં ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે ભીલાડ પોલીસમાં ગુનો નોંધાતા વધુ તપાસ હાથ ધરી હતી.

### જિલ્લા ભાજપ ઉપપ્રમુખ તરીકે સતિષ પટેલની નિમણૂંક, કેબિનેટ મંત્રીએ અભિવાદન કર્યું



વાપી : રાજ્યના નાણા તેમજ શહેરી વિકાસના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા વલસાડ જિલ્લા ભાજપ સંગઠનમાં ઉપપ્રમુખ પદે નિમણૂક પામેલા સતિષભાઈ પટેલને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ સમયે વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. સતિષભાઈએ વાપી શહેર ભાજપ પ્રમુખ તરીકે સંગઠનમાં નોંધપાત્ર કામગીરી કરી છે. હાલ તેઓ વીઆઈએના પણ પ્રમુખ છે.

## વાપીની કંપનીમાં ભીષણ આગ

**આગે** વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ધૂમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી નજરે પડ્યા

**ફાયરે** પાણી અને ફોમનો ઉપયોગ કરી સાડા ત્રણ કલાકે આગ ઉપર કાબુ મેળવ્યો, બે યુવકો દાઝ્યા



વાપી : વાપી જીઆઈડીસી વાઈબ્રન્ટ બિઝનેસ પાર્કમાં આવેલી એક કંપનીમાં આગનો બનાવ બન્યો હતો. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ધૂમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી નજરે પડ્યા હતાં. આ બનાવ અંગેની જાણ તરત જ ફાયર વિભાગ અને પોલીસ ટીમને કરવામાં આવી હતી. બનાવ સ્થળે ફાયર ટીમ પહોંચી પાણી અને ફોમનો ઉપયોગ કરી સાડા ત્રણ કલાકે આગ ઉપર કાબુ મેળવી લીધો હતો.

વાપી જીઆઈડીસી ને.હા.નં.48 નજીક વાઈબ્રન્ટ બિઝનેસ પાર્કમાં આવેલી અનસૂયા સર્જિકલ કંપનીમાં રાબેતા મુજબ કામગીરી ચાલી રહી હતી. સાંજના આશરે ચારેક વાગ્યાની આસપાસ કંપનીમાં એકાએક આગની ઘટના ઘટી હતી. આગ લાગતા જ કંપની સંચાલકો અને કામ કરનારાઓમાં ભાગદોડ મચી હતી. કંપનીની આસપાસમાં આવેલી અન્ય કંપનીવાળાઓમાં ભયનો માહોલ સર્જાયો હતો. ધૂમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી નજરે પડ્યા હતાં. આગના બનાવ અંગેની જાણકારી તરત જ ફાયર વિભાગ અને પોલીસને કરવામાં આવી હતી. બનાવ સ્થળે વાપી મનપા, વાપી નોટિફાઈડ, સરીગામ, ઉમરગામ સહિત ખાનગી કંપનીઓમાં યુપીએલ, દમણગંગા, મેરીલની ફાયર ગાડીઓ આવી પહોંચી હતી. ફાયર વિભાગની ટીમ દ્વારા આગ ઉપર કાબુ મેળવવા માટે પાણી અને ફોમનો ઉપયોગ કર્યો હતો. ફાયર ટીમ દ્વારા સાડા ત્રણ કલાકની જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. કંપનીમાં બનાવવામાં આવતા મટીરીયલ માટે વપરાતા કેટલાક કેમિકલયુક્ત ડ્રમો હોય જેને લઈ આગ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતું. આગની ગંભીરતાને ધ્યાને લઈ બનાવ સ્થળે 108 એમ્બ્યુલન્સ પણ આવી પહોંચી હતી. આગની ઘટનામાં કંપનીમાં કામ કરનારા આશિષ અને સૈની કમલ નામના બે યુવકો દાઝ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. આગ કયા કારણોસર લાગી અને કેટલું નુકસાન થયું તે જાણી શકાયું નથી.

## દમણ પોલીસે ભાવનગરના રીઢા ચોરને પકડી પાડ્યો

**પકડાયેલા** રીઢા ચોરે દમણ સહિત ભાવનગર અને અન્ય જિલ્લાઓમાં 25 થી વધુ ઘરફોડ ચોરીને અંજામ આપ્યો હતો

દમણ : કચીગામ પોલીસે રીઢા ચોરની ભાવનગરથી ધરપકડ કરી છે. પકડાયેલા ચોરે અનેક જિલ્લાઓમાં ચોરીને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે. 17 જાન્યુઆરી 26 ના રોજ કચીગામના કાંચલ ફળિયાના વિનોદ ભંડારીના ઘરમાં ચોરે પ્રવેશી રૂપિયા અને સોનાના ઘરેણાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જેની ફરિયાદ વિનોદ ભંડારીએ કચીગામ પોલીસ મથકે કરતા પોલીસે ગુનો દાખલ કરી સી.સી.ટીવી ફૂટેજ તથા ફિલ્ડ ઇન્ટેલિજન્સની મદદ લેતા પોલીસને રીઢો ચોર ભાવનગરથી ઝડપી પાડવામાં સફળતા મળી હતી. પોલીસે 26 મી જાન્યુઆરીએ રીઢા ચોર સમીર સલીમ ડેરૈયાની ધરપકડ કરી તેની પાસેથી ચોરેલું 13.93 ગ્રામ સોનું જપ્ત કરી આરોપીને દમણ લાવી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે આરોપીના 2 ફેબ્રુઆરી સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા.

### પકડાયેલા રીઢા ચોર સામે 25 ગુના નોંધાયા છે

ચોરીને અંજામ આપ્યા બાદ ચોરાયેલું સોનું ભાવનગરના નિલેશ હિંમતલાલ ખરંગધરિયા નામના સોનીને વેચી દેતો હતો. પોલીસે ભાવનગર જઈને સોની નિલેશની પણ ધરપકડ કરી હતી. આરોપી સમીર સલીમ સામે ભાવનગરના વિવિધ પોલીસ મથકે 15 ગુના, ભરૂચમાં 1, બોટાદમાં 1, નવસારીમાં 1, વલસાડમાં 1, સેલવાસમાં 4 તથા દમણમાં 2 મળી 25 જેટલા ચોરીના ગુનાઓ દાખલ થવા પામ્યા છે.

## વાપીના પત્રકાર-પુત્ર સામે 75 હજારની ખંડણીની ફરિયાદ

**હું** સમગ્ર વાપીમાં યુનુસ અરજી તરીકે ઓળખાવું છું, વાપીની મોટી-મોટી કંપનીઓ પાસેથી હપ્તાની વસુલી કરું છું

વાપી : વાપીમાં પત્રકાર તરીકેની ઓળખ આપી યુનુસ શાહે વાપી અને બલીઠાના ટ્રાન્સપોર્ટર પાસેથી ખંડણીની ફરિયાદ કર્યા બાદ કરવડના ટ્રાન્સપોર્ટરે પણ કથિત પત્રકાર યુનુસ શાહ અને તેનો પુત્ર આરિઝ શાહ સામે રૂપિયા 75 હજાર ખંડણી લીધા અંગેની ફરિયાદ વાપી ડુંગરા પોલીસ મથકે નોંધાવી હતી.

કરવડના તંબાડી ફાટક પાસે રહેતો સિદ્ધાર્થ નવીનભાઈ પટેલ ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. કરવડની જમીન તેઓએ ભાડાપેટે આપેલી છે અને તે કંપની દ્વારા વાપી જીઆઈડીસીમાં આવેલી પેપર મીલોમાંથી નીકળતો વેસ્ટેજ ત્યાં સંગ્રહ કરી જરૂરી પ્રોસેસ કરે છે. ગત તા.22-7-25ના રોજ પ્લાસ્ટીક વેસ્ટ લઈને આવી રહેલા ટ્રકચાલકે સિદ્ધાર્થને ફોન કરીને જણાવ્યું કે, બે પત્રકારો હોવાની ઓળખ આપી વિડીયો ઉતારે છે જેથી તેઓ મિત્ર સાથે પહોંચ્યા હતાં. ત્યારે બંનેએ રાષ્ટ્રીય યાત્રાનો પત્રકાર તરીકે યુનુસ દાઉદ શાહ અને તેનો પુત્ર આરીઝ યુનુસ શાહ હોવાનું જણાવ્યું હતું. ગેરકાયદે પ્લાસ્ટીક વેસ્ટ સંગ્રહ કરો છો. તમે મને ઓળખતા નથી, હું સમગ્ર વાપીમાં યુનુસ અરજી તરીકે ઓળખાઉ છું. વાપીની કંપનીઓ પાસેથી હપ્તાની વસુલી કરું છું, તમારે પણ મને રૂપિયા 50 હજાર હપ્તા આપવા પડશે, નહીં તો હું તમારું નામ ન્યુઝમાં ચડાવીશ, પોલીસ તથા જીપીસીબી વિભાગમાં ફરિયાદ કરી બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકીઓ યુનુસે આપી હતી. જે બાદ પિતા-પુત્ર જતા રહ્યા હતા અને તેઓએ જીપીસીબીમાં ફરિયાદ કરતા ટ્રાન્સપોર્ટરને નોટિસ મળી હતી તથા વાપી ઉદ્યોગનગર પોલીસમાં પણ અરજી કરતા તેઓ ગભરાઈ ગયા હતા અને ત્યારબાદ તેણે રોકડા 50 હજાર યુનુસને આપતા યુનુસે દર મહિને હપ્તો માંગ્યો હતો. ત્યારબાદ જુદા-જુદા સમયે યુનુસે રૂપિયાની માંગણી કરતા ટ્રાન્સપોર્ટરે તેના મિત્ર થકી ચૂકવેલી રકમનો વિડીયો પણ બનાવી લીધો હતો. આ બનાવ અંગેની ફરિયાદ સિદ્ધાર્થ પટેલે વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી. કથિત પત્રકારે ટ્રાન્પસોર્ટનો ધંધો કરતા ઈદ્રિશ ખાન પાસેથી રૂપિયા 1.20 લાખ ખંખેરી લીધા બાદ ફરિયાદ થતા તેની પોલીસે ધરપકડ કરી હતી. યુનુસ શાહે બલીઠામાં રહેતા ટ્રાન્સપોર્ટર યોગેશ દેસાઈ પાસેથી પણ ઓનલાઈન અને રોકડા મળી કુલ રૂપિયા 56 હજાર પડાવી લીધા હતાં. અને તે બનાવ અંગેની ફરિયાદ વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

## ડાંગ આયુર્વેદિક ફાર્મસીમાં ભ્રષ્ટાચાર મામલે ગાંધીનગરથી તપાસના આદેશ

**CMOના** હસ્તક્ષેપ બાદ જિલ્લા રજિસ્ટ્રાર એક્શનમાં, સ્થાનિક તપાસની નિષ્પક્ષતા સામે ઉઠ્યા સવાલો

સાપુતારા : ડાંગ જિલ્લાની 'ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી સહકારી મંડળી'માં છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલા ભ્રષ્ટાચારના મામલે હવે સી.એમ.ઓ વિભાગ એક્શન મોડમાં આવી છે. કર્મચારીઓ સાથે થઈ રહેલા અન્યાય અને ગેરરીતિઓ બાબતે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવાની ચીમકી આપવામાં આવી હતી, જે બાદ આ ગંભીર મામલો CMO સુધી પહોંચ્યો હતો. જ્યાંથી મળેલી કડક સૂચનાઓને પગલે ગુજરાત રાજ્યના નાયબ રજિસ્ટ્રાર (ગ્રાહક) સહકારી મંડળીઓ, ગાંધીનગર દ્વારા ડાંગના મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારને તપાસ સોંપી દેવામાં આવી છે. જેને પગલે ડાંગના સહકારી આલમમાં જોર પકડ્યું છે કે શું સ્થાનિક રજિસ્ટ્રાર રાજકીય દબાણ કે નાણાકીય પ્રલોભનથી મુક્ત રહીને નિષ્પક્ષ તપાસ કરશે કે પછી દોષિતોને બચાવાશે? ભ્રષ્ટાચારના બંડલોમાં તપાસ દબાઈ જશે તેવી આશંકાઓ વચ્ચે સમગ્ર જિલ્લાની નજર હવે તપાસના પરિણામ પર ટકેલી છે. આ કૌભાંડની વિગતોમાં ઊંડા ઉતરતા માલૂમ પડે છે કે મંડળીના મુખ્ય ત્રણ હોદ્દેદારો પ્રમુખ સોન્યાભાઈ જી. ભોયે, મંત્રી હિતેન્દ્રભાઈ પટેલ અને હિસાબનીશ વિજયભાઈ સી. પવાર તપાસના મુખ્ય દાયરામાં છે. આ ત્રણેય વ્યક્તિઓએ પરસ્પર મિલીભગત કરીને મંડળીના ભંડોળનો અંગત ફાયદા માટે દુરુપયોગ કર્યો હોવાના અને સત્તાના જોરે નિયમોને નેવે મૂકી મનસ્વી નિર્ણયો લીધા હોવાના ગંભીર આક્ષેપો થયા છે. પૂર્વ પ્રમુખ બનસભાઈ ચોર્યા અને અન્ય જાગૃત સભાસદોએ પુરાવા સાથે આક્ષેપ કર્યો છે કે, ફાર્મસીની મૂળભૂત પ્રક્રિયા મુજબ શુદ્ધ દવાઓ બનાવવાને બદલે બહારથી સસ્તી અને હલકી ગુણવત્તાની દવાઓ મંગાવી, તેના પર ફાર્મસીનું લેબલ લગાવીને ઊંચા ભાવે વેચવાનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. સંસ્થાના કર્મચારીઓને છૂટા કરી દેવાતા આ મામલો લેબર કોર્ટ સુધી પહોંચ્યો છે.

### વિશ્વસનીયતામાં ગાબડું: વેચાણમાં ૫૦% સુધીનો ઘટાડો

ભ્રષ્ટાચારની વિગતો બહાર આવતા જ ફાર્મસીની વર્ષો જૂની છબી ખરડાઈ છે. આંતરિક સૂત્રો મુજબ, દવાઓના વેચાણમાં ૩૦% થી ૫૦% સુધીનો મોટો ઘટાડો નોંધાયો છે, જે સંસ્થાના પતનની નિશાની છે. હવે જોવાનું એ રહે છે કે જિલ્લા રજિસ્ટ્રારની તપાસમાં 'દૂધનું દૂધ અને પાણીનું પાણી' થાય છે કે જવાબદારો છટકી જવામાં સફળ રહે છે.

## ધરમપુરના ધામણીના ઢાળ પર ટ્રક-બાઈક વચ્ચે ગંભીર અકસ્માતમાં કાકા-ભત્રીજાનાં મોત

ધરમપુર: ધરમપુર તાલુકાના ધામણી ગામ નજીક ઢાળવાળા માર્ગ પર બપોરે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૪૫ વર્ષીય આધેડ અને ૭ વર્ષીય બાળકનું કરુણ મોત નિપજ્યું છે, જ્યારે બાઈક ચાલકનો આબાદ બચાવ થયો છે. મહારાષ્ટ્રના સુરગાણા તાલુકાના વાંગન ગામના રહેવાસી બાલુ શિવરામ પેટાર પોતાની બાઈક (MH-15-HV-7552) પર મનોહર શિવરામ પેટાર અને ૭ વર્ષીય બાળક વિનેશ સાથે પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન તામછડીથી ધામણી તરફ જતા માર્ગ પર ટ્રક (GJ-21-W-0137) ના ચાલક જમશુભાઈ વાઘાતે બેદરકારીપૂર્વક વાહન હંકારી બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

ટક્કર એટલી ભયાનક હતી કે મનોહરભાઈ અને માસૂમ વિનેશને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા બંનેનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. અકસ્માત બાદ ટ્રક ચાલક વાહન મૂકી ફરાર થઈ ગયો હતો. ધરમપુર પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની તપાસ હાથ ધરી છે.

## કપરાડામાં કોંગ્રેસ દ્વારા જન આક્રોશ રેલી, સભાની શરૂઆત

**આ** એવી સરકાર છે જે આપણી વાત નથી સાંભળતી, આપણી ફરિયાદ નથી સાંભળતી : અમિત ચાવડા




વલસાડ : વલસાડ જિલ્લાથી ડેડિયાપાડા દેવમોગરા સુધી યોજાનારી કોંગ્રેસની જન આક્રોશ રેલી 2 ફેબ્રુઆરીએ વલસાડ જિલ્લાના કપરાડાથી રેલી અને સભાથી શરૂઆત થઈ હતી. હજારો કાર્યકરોની ઉપસ્થિતિ વચ્ચે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાએ ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતાં. એવી સરકાર બની જે આપણી વાત નથી સાંભળતી, આપણી ફરિયાદ નથી સાંભળતી, આપણા માટે કાયદા નથી બનાવતી, આપણા માટે યોજના નથી બનાવતી, ઊલટાનું કોંગ્રેસ દ્વારા આપેલા જળ, જંગલ-જમીનનો અધિકાર છીનવવાની વાતો કરે છે. કોંગ્રેસ ભલે સત્તામાં નથી પરંતુ આદિવાસીને તેમનો અધિકાર, રોજગાર, ગેરરીતિઓ, મોંઘવારી, જર્જરિત રસ્તાઓ, નલ સે જલમાં ગેરરીતિ સામે અવાજને બુલંદ કરવાના સંકલ્પ સાજન આક્રોશ યાત્રા લઈ તમારી વચ્ચે આવ્યા છે. ધારાસભ્ય અનંત પટેલે કપરાડા અસ્ટોલ યોજના બની, નળ આપ્યા પરંતુ ભાજપ સરકાર પાણી આપવાનું ભૂલી ગઈ તેમ જણાવી ભાજપ પર આક્ષેપો કર્યા હતાં. નેતા તુષાર ચૌધરીએ આવનારી ચૂંટણીઓમાં કોંગ્રેસ અગ્રેસર રહેશે તેમ જણાવ્યું હતું. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલ, દાનહના કોંગ્રેસ પ્રમુખ પ્રભુ ટોક્યા સહિતના ઉપસ્થિત રહ્યા હતાં.

### અબ્રામામાં પાણીની લાઇનમાં ભંગાણથી હજારો લિટર પાણી વહી ગયું



■ વલસાડના અબ્રામા વિસ્તારમાં આજે સાંજે વોટર વર્કસ નજીક પાણીની લાઇનમાં ભંગાણ થતાં હજારો લિટર પાણી રસ્તા પર વહી ગયું હતું. આ ઘટનાની જાણ થતાં જ પાલિકાના કર્મચારીઓ લાઇન બંધ કરવા દોડી ગયા હતા.

## વાંસદામાં પ્રેમસંબંધના તણાવમાં યુવાનનો આપઘાત

**પિતરાઈ** ભાઈને ફાંસો ખાતો ફોટો મોકલ્યા બાદ યુવાને આપઘાત કરી લેતા ચકચાર

વાંસદા : વાંસદા તાલુકાના દૂબળ ફળિયા ગામે રહેતા ૧૯ વર્ષીય જેસલ નિલેશભાઈ પટેલે પ્રેમસંબંધમાં રહેલા તણાવને કારણે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

રવિવારે સાંજે અંદાજે ૪ વાગ્યે જેસલ 'દુકાને જાઉં છું' તેમ કહી ઘરેથી નીકળ્યો હતો. ત્યારબાદ તેણે નજીકના ઉપસળ ગામના કાકાબડિયા વિસ્તારમાં એક લીમડાના ઝાડ પર ફાંસો ખાવાની તૈયારી કરતો હોય તેવો ફોટો પોતાના પિતરાઈ ભાઈને મોબાઈલ પર મોકલ્યો હતો. પિતરાઈ ભાઈએ તુરંત આ બાબતની જાણ જેસલના પિતાને કરી હતી. પરિવારજનોએ શોધખોળ શરૂ કરતા મોડી રાત્રે જેસલનો મૃતદેહ ઝાડ સાથે લટકતી હાલતમાં મળી આવ્યો હતો. મૃતકના પિતા નિલેશભાઈ પટેલે વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. તેમના જણાવ્યા અનુસાર, જેસલ છેલ્લા એક માસથી પ્રેમસંબંધના કારણે માનસિક તણાવમાં રહેતો હતો. જોકે, આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**

તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં ૦૨૬૩૪-૨૩૩૫૪૪ ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૭૫૯/૨૦૨૫ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી

તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી, જી.નવસારી, તા. As Per E-Sign

વાદી:- શ્રી હાજરાબીબી તે ઈસ્માઈલભાઈ કુલતની પુત્રી અને રફીકભાઈ કાનવીની પત્ની, રહે.- સિંણધઈ, રાજઆમલા ફ., તા.વાંસદા, જિ.નવસારી

વિરૂધ્ધ

સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, ચાસા, તા.ચીખલી, જીલ્લો.નવસારી

જન્મ મરણ અધિનિયમ -૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીશ

આથી, લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી હાજરાબીબી ઈસ્માઈલભાઈ કુલત, રહે.- સિંણધઈ, રાજઆમલા ફ., તા.વાંસદા, જિ.નવસારીનાઓએ તેઓનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪ ના રોજ મોજે.- ચાસા તા.ચીખલી જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી. નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

E-sign (મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી



**નવસારી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત**

વડપાડા પ્રાથમિક શાળા

તા.ખેરગામ જિ.નવસારી, શાળા ડાયસ કોડ નંબર : 24240608301

શાળા સ્થાપના વર્ષ : 1955 gmail- vadpadaschool9@gamil.com

**જર્જરિત ઓરડાની હરાજી**

વડપાડા પ્રાથમિક શાળા ના જર્જરિત ઓરડા તોડવા માટેની જાહેર હરાજી તા. 12/02/2026 ગુરુવાર ના રોજ સવારે 11:30 કલાકે રાખવામા આવેલ છે તો રસ ધરાવતી વ્યક્તિ તેમજ વેપારીઓએ સમયસર હાજર રહેવું.

| ક્રમ | શાળાનું નામ | ઓરડાની સંખ્યા | સમય |
|---|---|---|---|
| ૧ | વડપાડા પ્રાથમિક શાળા | 3 | ૧૧:૩૦ કલાક |

લિ.
(૧) ધર્મેશકુમાર આર ગરાસિયા ( આચાર્ય )
(૨) રીચાબેન અજયભાઈ નાયક (SMC અધ્યક્ષ )



**જાહેર હરાજી**

આથી રસ ધરાવતા ઇસમોને જણાવવાનું કે જિ.પં. શિ. સમિતિ નવસારી સંચાલિત ઉપલીબેજઝરી પ્રા. શાળા આછવાણી તા.- ખેરગામ, જિ.-નવસારીના જુના 2 (બે) જર્જરિત ઓરડા કાટમાળની જાહેર હરાજી તા.7-2-2026ને શનિવારના રોજ 12 કલાક શાળાના પટાગણમાં રાખવામાં આવેલ છે. જરૂરી માહિતી માટેનો સમય શાળામાં સવારે 11 થી 16 વાગ્યા સુધીના રહેશે.

સ્થળ
ઉપલી બેજઝરી પ્રા. શાળા
તા. ખેરગામ, જિ. નવસારી

સહી/મુખ્યશિક્ષક
ઇલાક્ષીબેન ડી. પટેલ
ઉપલીબેજઝરી પ્રા. શાળા
Mo.:- 7359166916 - 9638673432